# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨/ક્વા-03/૨૦૨૧-૨૨/૭૩૩-૧ તારીખ : ૩૧ - ૦૧ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

મહાવીરસિંહ જે. રાણા

મું. પો. : સાપકડા , તા. : હળવદ, જી. : મોરબી ,

પીન કોડ. : ૩૬૩૩૩૦

મોબાઈલ : ૯૩૭૬૬૩૦૩૦૩

**વિષય :** ખેતીવાડી વીજજોડાણ ન હોવા છતાં પણ લીગલ નોટીસ મોકલવા અંગે .

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૦૫-૧૦-૨૦૨૧.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, હળવદ.**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, હળવદ શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨/ક્વા-૩/૨૧-૨૨/૧૩૩-૧ તા. ૩૧.૦૧.૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૨/ક્વા-૩/૨૧-૨૨

અરજદાર : મહાવીરસિંહ જે.રાણા ગામ: સાપકડા
પેટા વિભાગીય કચેરી : હળવદ (શહેર)
રજૂઆત કરનાર : અરજદાર મહાવીરસિંહ જે.રાણા અને તેમની સાથે ભરતસિંહ ડોડીયા હાજર રહેલ છે.

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - હળવદ
રજૂઆત કરનાર : શ્રી પી.જી.થોરિયા, ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી - હળવદ અને તેમની સાથે શ્રી કે.ડી.ઝાલા રેવન્યુ અધિક્ષક પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી, હળવદ

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા
૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી
તારીખ: ૦૫-૦૧-૨૦૨૨ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૫-૦૧-૨૦૨૨ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા વર્ષ-૨૦૧૫ માં નવુ ખેતીવાડી વીજજોડાણ માટે રૂપિયા ભરેલ હોવા છતાં આજદિન સુધી જેતે સ્થળ પર વીજજોડાણ આપવામાં આવ્યું નથી. અરજદાર દ્વારા સદર બાબતે અનેક વખત લેખિત તેમજ મૌખિક રજુઆતો પણ કરેલ છે સાથોસાથ લીગલ રેવન્યુ ડોક્યુમેન્ટ પણ બે વખત રજુ કરેલ છે. તેમ છતાં પણ સંલગ્ન કચેરી ખાતે થી કોઈપણ જાતનો યોગ્ય પ્રત્યુતર મળેલ નથી. અરજદાર

વધુમાં જણાવે છે કે ભૂતકાળમાં કરેલ રજુઆતની નકલની ફાઈલ હળવદ ઓફિસે મોજુદ છે. પરંતુ યેનકેન પ્રકારે અરજદારનું કામ કરી આપવામાં આવેલ ન હોય અને અરજદાર લગભગ પાંચેક વર્ષથી વીજજોડાણથી વંચિત હોય વીજજોડાણ મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે હળવદ વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા હળવદ શહેર પેટાવિભાગીય કચેરી હેઠળના સાપકડા ગામના અરજદારશ્રી મહાવીરસિંહ જુવાનસિંહ ઝાલા દ્વારા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે વર્ષ ૨૦૧૫ માં અરજી કરેલ જે અન્વયે જરૂરી રકમ ભરપાઈ કરવા છતાં પી.જી.વી.સી.એલ. દ્વારા આજદિન સુધી વીજજોડાણ આપવામાં આવેલ નથી. સદર બાબતે મૌખિક લેખિત રજૂઆત કરવા છતાં, વીજજોડાણ આપવાની કાર્યવાહી કરેલ નથી જેથી અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૧ અરજદારે સાપકડા ગામના ખેતીવાડીની સર્વે નંબર ૪૧૧માં નવા વીજજોડાણ માટે તા.૦૪.૦૩.૨૦૧૪ ના રોજ રજીસ્ટ્રેશન ચાર્જે પેટે રૂ.૨૦૦.૦૦ ભરપાઈ કરી અરજી કરેલ હતી જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા સર્વિસ રીક્વેસ્ટ (SR) ૫૬૯૭૭૪૪ અન્વયે ભાવપત્રક તા.૧૮-૧૨-૨૦૧૪ થી અરજદારને આપેલ જેની રકમ અરજદાર દ્વારા રસીદ નંબર ૮૭૫૯૦૩ થી ૮૭૫૯૦૫ તા.૦૯.૦૧.૨૦૧૫ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે.

૩.૨ અરજદાર દ્વારા ટેસ્ટ રીપોર્ટ આપવામાં આવેલ ન હોવાથી પેટાવિભાગીય કચેરીએ જાવક પત્ર નંબર ૪૭૮૧ તા.૨૬.૦૬.૨૦૧૫ થી ટેસ્ટ રીપોર્ટ આપવા અરજદારશ્રીને નોટીસ આપીને જાણ કરેલ હતી નોટીસ પીરીયડની અવધી પૂરી થતા ઓફિસ દ્વારા જે તે સમયે શ્રી મહાવીરસિંહ જુવાનસિંહ ઝાલાના નામે અનકનેક્ટેડ ("UC") ગ્રાહક નંબર : ૨૫૪૦૨/૦૦૯૩૦/૯ થી તા.૧૯.૦૮.૨૦૧૫ થી કનેક્શન રીલીઝ કરવામાં આવેલ હતું આવા અનકનેક્ટેડ કનેક્શનમાં કંપનીના નિયમ અનુસાર જો ટેસ્ટરીપોર્ટ ન આવે તો વધુમાં વધુ બે વર્ષ સુધી ચાલુ રાખી શકાય છે અને સદર સમયગાળા માટે મીનીમમ ફિકસ ચાર્જ ગ્રાહકે ભરવાનો હોય છે.ત્યારબાદ જો ગ્રાહક ટેસ્ટ રીપોર્ટ આપી કનેક્શન ચાલુ ન કરાવેતો ગ્રાહકને નોટીસ પાઠવી જોડાણ કાયમી ધોરણે રદ (PDC) કરવાનું હોય છે.

3.3 સદર વીજજોડાણ બાબતે કોઈ કારણોસર પેટા વિભાગીય કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા સદર બાબતે PDC કરવાની કાર્યવાહી સમયસર કરવામાં આવેલ ન હતી. ત્યારબાદ પેટા વિભાગીય કચેરી દ્વારા સદર કનેકશન તા.૨૬.૧૦.૨૦૨૦ નાં રોજ કાયમી ધોરણે રદ (PDC) કરવામાં આવેલ હતું.

૩.૪ ત્યારબાદ અરજદારશ્રીને તેમના દ્વારા નવા કનેક્શન પેટે ભરવામાં આવેલ ડીપોઝીટની રકમ બાદ કરીને બાકી લેણા વ્યાજ સહિત રૂ.૫૬૩૯૬.૮૧ ભરપાઈ કરવા પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૭.૦૮.૨૦૨૧ ના રોજ લીગલ નોટીસ આપવામાં આવેલ. ત્યારબાદ સદર લેણા ભરપાઈ કરવા ફરી વધુ એક વખત તા.૧૩.૦૮.૨૦૨૧ ના રોજ અરજદારને બાકી લેણા પેટે વ્યાજ સહિત રૂ.૬૨૪૫૬.૮૧ ભરપાઈ કરવા કંપનીના પેનલ એડવોકેટ દ્વારા લીગલ નોટીસ આપવામાં આવેલ હતી.

૩.૫ ઉપરોક્ત મુદ્દા નં ૩.૪ મુજબની વિગતે લીગલ નોટીસ આપતા પહેલા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદાર દ્વારા માંગવામાં આવેલ નવા વીજજોડાણ ખેતીવાડી સર્વે નંબરનુ નાયબ અધિક્ષક અને સીનીયર આસિસ્ટન્ટ (લીગલ) દ્વારા તા.૧૭.૦૭.૨૦૨૧ ના રોજ સ્થળ રોજકામ કરાવેલ ત્યારે સ્થળ પર કોઈ ટ્રાન્સફોર્મર કે મીટર લાગેલ નથી ફક્ત ડબલ પોલ સ્ટ્રકચર ઉભું છે. ઉપરોક્ત હકીકતે ધ્યાને રાખી અરજદાર મોકલવામાં આવેલ લીગલ નોટીસ બાબતે કરવામાં આવેલ કાર્યવાહી કંપનીના નિયમ અનુસાર યોગ્ય છે.

:: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ હળવદ શહેર પેટાવિભાગીય કચેરી હેઠળના સાપકડા ગામના અરજદારશ્રી મહાવીરસિંહ જુવાનસિંહ ઝાલા દ્વારા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે વર્ષ ૨૦૧૫ માં અરજી કરેલ જે અન્વયે જરૂરી રકમ ભરપાઈ કરવા છતાં પી.જી.વી.સી.એલ. દ્વારા આજદિન સુધી વીજજોડાણ આપવામાં આવેલ નથી. સદર બાબતે મૌખિક લેખિત રજૂઆત કરવા છતાં, વીજજોડાણ આપવાની કાર્યવાહી કરેલ નથી જેથી અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારે સાપકડા ગામના ખેતીવાડીની સર્વે નંબર ૪૧૧માં નવા વીજજોડાણ માટે તા.૦૪.૦૩.૨૦૧૪ ના રોજ રજીસ્ટ્રેશન ચાર્જ પેટે રૂ.૨૦૦.૦૦ ભરપાઈ કરી અરજી કરેલ હતી જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા સર્વિસ રીક્વેસ્ટ (SR) ૫૬૯૭૭૪૪ અન્વયે ભાવપત્રક તા.૧૮-૧૨-૨૦૧૪ થી અરજદારને આપેલ જેની રકમ અરજદાર દ્વારા રસીદ નંબર ૮૭૫૯૦૩ થી ૮૭૫૯૦૫ તા.૦૯.૦૧.૨૦૧૫ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે. ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકારની સંલગ્ન ઓફીસના પત્ર તા.૦૯-૦૩-૨૦૧૫ મુજબ સદર વીજજોડાણ અન્વયે એગ્રીમેન્ટ કરેલ ન હોય દિવસ-૧૫ માં એગ્રીમેન્ટ કરવા અરજદારને જાણ કરેલ છે જે અન્વયે અરજદાર અને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા એગ્રીમેન્ટની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ કરેલ વર્ક કમ્પ્લીશન સર્ટીફીકેટ મુજબ સદર વીજજોડાણ આપવા માટે ટી.એસ. નં - ૨૩૨૭૨૭૧ તા.૦૩-૦૯-૨૦૧૪ મુજબ ૬૦ મીટર એચ.ટી. લાઈન ૬૩ કેવીએનું ટ્રાન્સફોર્મર ઉભું કરવાની કામગીરી તા.૨૨-૦૪-૨૦૧૫ ના રોજ પૂર્ણ કરેલ છે. તેમજ ફોરમની સુનાવણી દરમ્યાન પી.જી.વી.સી.એલ. પક્ષકારની મૌખિક રજૂઆત મુજબ અરજદાર દ્વારા ટેસ્ટરીપોર્ટ રજુ કરેલ ન હોય, ફક્ત ટ્રાન્સફોર્મર મુકવાની કામગીરી બાકી રાખેલ હતી.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ વીજજોડાણ આપવાની કાર્યવાહી પૂર્ણ કરેલ હોય, ટેસ્ટરીપોર્ટ ૦૨ (બે) મહિનાની અંદર એટલેકે તા.૧૮-૦૮-૨૦૧૫ સુધીમાં ટેસ્ટરીપોર્ટ રજુ કરવાની નોટીસ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા પત્ર નં - ૪૭૮૧ તા.૨૬-૦૬-૨૦૧૫ થી અરજદારને આપવામાં આવેલ છે, સદર નોટીસ અરજદારને મળેલ છે તેમ ફોરમ સુનાવણી દરમ્યાન સ્વીકારેલ છે.

૪.૪ અરજદાર દ્વારા સમયમર્યાદામાં ટેસ્ટરીપોર્ટ રજુ ન થતા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ગ્રાહક નંબર - ૨૫૪૦૨/૦૦૯૩૦/૯ થી અનકનેક્ટેડ ("UC") સ્થિતિમાં કંપનીના નિયમ અનુસાર તા.૧૯.૦૮.૨૦૧૫ રીલીઝ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

કરેલ છે જેમાં ગ્રાહકે મીનીમમ ચાર્જ ફીક્ષચાર્જ ભરપાઈ કરવાનો હોય છે. વધુમાં સદર વીજજોડાણ અનકનેક્ટેડ કનેક્શનમાં કંપનીના નિયમ અનુસાર જો ટેસ્ટરીપોર્ટ ન આવે તો વધુમાં વધુ ૦૨ (બે) વર્ષ સુધી ચાલુ રાખી શકાય છે અને સદર સમયગાળા માટે મીનીમમ ફિક્સ ચાર્જ ગ્રાહકે ભરવાનો હોય છે.

ત્યારબાદ જો ગ્રાહક ટેસ્ટ રીપોર્ટ આપી કનેક્શન ચાલુ ન કરાવેતો ગ્રાહકને નોટીસ પાઠવી જોડાણ કાયમી ધોરણે રદ (PDC) કરવાનું હોય છે.

૪.૫ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) વિનિયમો- ૨૦૧૫ દ્વારા પ્રકાશિત જાહેરનામા નં - ૦૪ /૨૦૧૫ વિભાગ -૪ માં દર્શાવેલ લાગુ પડતી જોગવાઈઓ નીચે મુજબ છે.

"૪.૪૨ કામ પૂરું થતાં, પરવાનેદાર અરજદારને વીજ પૂરવઠો મેળવવા અંગે જાણ કરશે અને અરજદાર આવી જાણ કર્યાના ૬૦ દિવસની મુદતમાં વીજળી મેળવવામાં નિષ્ફળ જાય તો તે લાગુ પડતો માંગ ખર્ચ, ડીમાન્ડ ચાર્જ (અને ન્યૂનતમ માસિક ખર્ચ ચુકવવા જવાબદાર રહેશે .ખાસ સંજોગોમાં, પરવાનેદાર, ઉપર મુજબની ૬૦ દિવસની મુદતમાં વધારો કરી શકશે.

"૪ ૧૦૨.જો કોઇ ગ્રાહક નવા કે વધારાના પૂરવઠાની શરૂ થયાનાં ૦૨ વર્ષની મુદતની અંદર તેનો કરાર સમાપ્ત કરે ( અથવા જ્યાં ઔપચારિક કરાર કરાયો ન હોય અને જો પૂરવઠાનો ઉપયોગ ૦૨ વર્ષ માટે ન કર્યો હોય કે જે કરાર કરાયો હોય તો લાગુ પડવાપાત્ર થાય છે.) તો કરારમાં નિર્દિષ્ટ ૦૨ વર્ષની મુદતમાં ખૂટતા દરેક મહિના માટે અથવા કોઈ ઔપચારિક કરારની ગેરહાજરીમાં ૨ વર્ષની નિયત મુદત માટે ન્યૂનતમ ચાર્જ ચૂકવવા જવાબદાર બનશે. કરારમાં નિર્દિષ્ટ (ઔપચારિક અને અનૌપચારિક) મંજુર કરેલ ડિમાન્ડના ૧૦૦% સુધીના વીજભારમાં ઘટાડાની પરવાનગી કરારની તારીખથી ૦૧ વર્ષ બાદ મળશે અને સાથે ઘટાડેલ વીજભાર માટે ૦૨ વર્ષની મુદતમાં જેટલો સમય ખુટતો હોય તેને માટે ન્યૂનતમ ખર્ચ વસુલાશે નહીં.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) વિનિયમો- ૨૦૧૫ દ્વારા પ્રકાશિત જાહેરનામા નં - ૦૪ /૨૦૧૫ વિભાગ -૮ માં દર્શાવેલ જોડાણ કાયમી ધોરણે કપાત કરવા અંગેની જોગવાઈ નીચે મુજબ છે.

"૮.૬ નીચેના કેસોમાં પૂરવઠાનું જોડાણ કાયમી રીતે કપાત કરાશે

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૧. કરાર સમાપ્ત થતાં.
૨. જે કારણસર પૂરવઠાનું જોડાણ કપાત કરાયું હોય તે કારણ નોટીસ મુદતની અંદર દૂર ન કરાયું હોય.

પરંતુ ગ્રાહકની સર્વિસ સતત ૧૮૦ દિવસ માટે બંધ રહે કે જે ગ્રાહકની વિનંતિથી કરવામાં આવેલ કામચલાઉ જોડાણ ન હોય તેવા કિસ્સામાં ૧૫ દિવસો પૂરા થયે અથવા એગ્રીમેન્ટની પ્રારંભિક મુદત પૂરી હોય તેમાં બેમાંથી જે મોડું હોય તે પ્રમાણે લેખિત નોટીસ આપીને સમજૂતિ સમાપ્ત થઇ હોવાનું ગણવામાં આવશે, તેનાથી અધિનિયમ અન્વયે એગ્રીમેન્ટ હેઠળ બાકી નીકળતી કોઇપણ રકમની વસુલાત માટેના પરવાનેદાર અથવા ગ્રાહકના હકો પર વિપરિત અસર પડશે નહિ."

૪.૬ ઉપરોક્ત જોગવાઈ મુજબ સદર ફરિયાદી અરજદાર દ્વારા સમયમર્યાદામાં ટેસ્ટરીપોર્ટ રજુ કરાયેલ નથી જેથી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ન્યુનતમ ચાર્જ માટેનું બિલીંગ કરવામાં આવે છે જે બાબત નિયમાધીન યોગ્ય છે તેમજ અરજદાર અને પી.જી.વી.સી.એલ. પક્ષકાર વચ્ચે થયેલ એગ્રીમેન્ટ મુજબ કરારનો સમયગાળો પૂર્ણ થતા કાયમી ધોરણે વીજજોડાણ રદ કરવા માટે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા લેખિત નોટીસ આપ્યેથી સમજુતી સમાપ્ત થયેલ હોવાનું ગણવામાં આવશે તે મુજબ સદર વીજજોડાણ અનકનેક્ટેડ ("UC") સ્થિતિમાં તા.૧૯.૦૮.૨૦૧૫ થી રીલીઝ કરેલ તે મુજબ ૦૨ વર્ષનો સમયગાળો તા.૧૮-૦૮-૨૦૧૭ થી પૂર્ણ થતો હોય, લેખિત નોટીસ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ હોય તેવા કોઈ આધાર પુરાવા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. વધુમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સદર વીજજોડાણ માહે જુન-જુલાઈ-૨૦ બીલ્ડ ઇન ઓગસ્ટ તા.૦૧-૦૮-૨૦૨૦ સુધી એટલેકે આશરે ૦૫ વર્ષ સુધી અનકનેક્ટેડ ("UC") સ્થિતિમાં બિલીંગ ચાલુ રાખેલ છે જે ગંભીર બાબત છે. ત્યારબાદ સદર બાબતનું ધ્યાન આવતા કંપનીના હિતમાં સ્થળ પરથી ગેટપાસ તા.૨૫-૧૦-૨૦૨૦ મુજબ ૩૪ એમ.એમ.કન્ડકટર ૧૮૦ મીટર અને ટી.સી.ના એંગલ ૦૪ નંગ ઉતારી તા.૨૬-૧૦-૨૦૨૦ ના રોજ સદર વીજજોડાણ કાયમી ધોરણે રદબાતલ કરાયેલ છે. ત્યારબાદ ફોરમની સુચના મુજબ તા.૧૮-૦૧-૨૦૨૨ ના રોજ સ્થળ રોજકામ સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ તે મુજબ – સદર વીજજોડાણ માટે ઉભી કરવામાં આવેલ વીજલાઈનના પી.એસ.સી. પોલ ઉભા છે જેના પર ૧૧ કેવી કોઈપણ વીજતાર લગાડેલ નથી તેમજ ટ્રાન્સફોર્મરનું સ્ટ્રકચર હયાત છે જેના પી.એસ.સી. પોલ પર BLD/જયહરી/AG/094/L-03 લખેલ છે. તેમજ ટ્રાન્સફોર્મરકે અન્ય ડીપી એન્ગલ લાગેલ નથી. પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૦૭-૦૮-૨૦૨૧અને તા.૧૩-૦૮-૨૦૨૧ ના રોજ અરજદારને લીગલ નોટીસ આપેલ છે તે મુજબ બીલની રકમ રૂ.૫૧૬૬૧/૯૧, આશરે વ્યાજ રૂ.૧૦૭૯૪/૯૦ એમ કુલ રકમ રૂ.૬૨૪૫૬/૮૧ દિવસ-૧૦ માં ભરપાઈ કરવા જાણ કરેલ, અન્યથા કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. જે અન્વયે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરતા સદર કેસની નોંધણી તા.૧૧-૧૦-૨૦૨૧ ના રોજ કરેલ છે.

૪.૭ સદર કેસમાં, ઉપરોક્ત બાબતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારે નવું ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે નિયમાધીન ટેસ્ટરીપોર્ટ આપવો જરૂરી હતો જે અંગે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૬-૦૬-૨૦૧૫ ના રોજ લેખિત જાણ કરવા છતાં અરજદારે કોઈ કાર્યવાહી કરેલ નથી. સદર સંજોગોમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અનકનેક્ટેડ ("UC") સ્થિતિમાં બિલીંગ ચાલુ કરેલ છે જે બાબત નિયમાધીન યોગ્ય છે. ત્યારબાદ સદર વીજજોડાણ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૬-૧૦-૨૦૨૧ થી પીડીસી કરેલ છે. સદર સ્થિતિએ પી.આર.ટી.-૧૪૫ મુજબ સદર અરજદારના બિલીંગ ખાતામાં મીનીમમ વીજબીલની રકમ રૂ.૫૧૬૬૧/૯૧ ભરપાઈ કરવાના બાકી છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૮ નામદાર જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નોટીફીકેશન નં – ૬.૮૪ મુજબ "કોઇપણ ગ્રાહક પાસે ચુકવણીમાં કસુરને કારણે બાકી નીકળતી રકમ – આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૦૨ વર્ષ ની મૂદત પછી વસુલવા પાત્ર થશે નહિ - સિવાય કે આવી રકમ અધિનિયમની કલમ – ૫૬ અનુસાર પૂરી પડેલી વીજળી માટે ખર્ચ ની બાકીની રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય."

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ અન્વયે સદર વીજજોડાણ કાયમી ધોરણે રદ થયેલ હોય અરજદારની વીજજોડાણ મળવા અંગેની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી વધુમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ મુજબની વિગતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ લીગલ નોટીસ મુજબ વીજબીલની રકમ અનકનેક્ટેડ રીલીઝ તા.૧૯.૦૮.૨૦૧૫ થી ૦૨ (બે) વર્ષ સુધીજ મીનીમમ ચાર્જની રકમનુ બીલ રીવાઈઝ કરીને અરજદારને દિવસ-૧૦ માં પાઠવવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે જે રકમ અરજદારે ભરપાઈ કરવાની રહેશે અન્યથા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી. તદુપરાંત જો અરજદારને ખેતીવાડી વીજજોડાણની જરૂરીયાત હોયતો અરજદાર દ્વારા ફરીથી નિયમાધીન અરજી કરાયેથી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા આગળની નિયમાધીન કાર્યવાહી કરવાની સુચના આપવામાં આવે છે.

૪.૧૦ ઉપરોક્ત મુદ્દા નં ૪.૯ મુજબની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૧૧ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ શ્રી સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot